**એટ્રોસીટી કેસ નંબર ૧૨/૨૦૨૨**

**<u>આંક–૧૬ લગત હુકમ</u>**

આ કામના આરોપી નં. ૧ થી ૭ તરફે હાલની અરજી સી.આર.પી.સી. કલમ ૨૩૯ મુજબ એટ્રોસિટી એકટ ની કલમ ૩(૧)આર એસ, તથા ૩(૨)(૫) ના કામે રીચાર્જ કરવા રજૂ કરેલ છે.

આરોપીઓની અરજીની ટુંક માંથી હકીકત એવી છે કે આ કામે ફરિયાદીએ તારીખ ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ ફરિયાદ કરતા તેઓ વિરુદ્ધ ની કલમ – ૩૨૬,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ તથા એટ્રોસિટી એકટ ની કલમ ૩(૧)(આર)(એસ), તથા ૩(૨)(૫) મુજબ ની ગુનો દાખલ કરેલ છે ફરિયાદી દ્વારા કહેવાતો બનાવ તારીખ ૨૨/૦૫/૨૦૨૨ ના રોજ બનેલું જણાવવામાં આવેલ છે જ્યારે ફરિયાદ તારીખ ૨૪/૫/૨૦૨૨ ના રોજ એટલે કે બે દિવસ મોડી પ્રી–પ્લાનિંગ થી આપવામાં આવેલ હોય તેવું જણાય છે. આ કામના તપાસ કરનાર અમલદારે આરોપી વિરુદ્ધ તપાસના અંતે તારીખ ૫/૮/૨૦૨૨ ના રોજ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ. જે તહોમતનામાં આરોપીઓ વિરુદ્ધ ફકત ફરિયાદીના સગા સંબંધીઓ તેમજ લાગતા વળગતા સાહેદોના જ નિવેદના લેવામાં આવેલા છે. ત્રાહિત વ્યકિતઓના કોઈ નિવેદનો લેવામાં આવેલ નથી. આ કામે કહેવાતો બનાવ જોવામાં આવે તો મૂળ ફરિયાદીને ફરિયાદ મુજબ રાત્રિના દસેક વાગે બનેલ હોવાનું જણાવેલ છે. તે દિવસે ફરિયાદીના ભત્રીજાનો ફૂલેકું હોય અને તે ખુલ્લેઆમ મૂળ ફરિયાદીના સમાજના લોકો પ્રસંગમાં હાજર હોય તે સિવાય અન્ય સમાજના લોકો હાજર ન હતા આરોપી નં. ૬ મૂળ ફરિયાદના રહેણાંક વિસ્તારમાં રહેતા નથી અને સદરહુ ફૂલેકાનો પ્રસંગ મૂળ ફરિયાદીના સમાજને લાગતું વળગતું હોય જેથી અન્ય કોઈ સમાજના વ્યકિત હાજર ન હતા તેમ છતાં મૂળ ફરિયાદીએ પ્લાનિંગ થી સમજી વિચારી આયોજન કરી અગાઉની દુશ્મનાવટ ધ્યાન રાખી બે દિવસ બાદ મોડી ફરિયાદ આપી આરોપી નં. ૬ ને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. મૂળ ફરિયાદીની ફરિયાદ જોતા આ કામના આરોપી નં. ૧ થી ૫ તથા ૭ ના મૂળ ફરિયાદીને કોઈ મારેલ હોય કે જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો બોલવામાં આવેલ હોય તેવું જણાય આવતું નથી. આ તમે મૂળ ફરિયાદીની ફરિયાદના આધારે તપાસ કરતા મૂળ ફરિયાદીના કુટુંબીજનોને સાહેદો તરીકે

દર્શાવવામાં આવેલ છે અને તેઓના નિવેદનો લેવામાં આવેલ છે તારીખ ૦૯/૦૭/૨૦૨૨ ના રોજ જયાબેન હિંમતભાઈ પરમારનું નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓ એવું પણ ક્યાંય જણાવેલ નથી કે આરોપી નં. ૧ થી ૫ તથા ૭ ના એ ફરિયાદીને જ્ઞાતિ વિશે કોઈ અપમાનજનક શબ્દો બોલેલા હોય એવી જ રીતે તા. ૦૯/૭/૨૦૨૨ના રોજ હિંમતભાઈ જીણાભાઈ પરમારનું નિવેદન લેવામાં આવેલ, તે નિવેદન જોવામાં આવે તો આ સાહેદે પણ આ કામના આરોપીઓએ મૂળ ફરિયાદીને કોઈ જ્ઞાતિ સંબંધે અપમાનજનક શબ્દો બોલેલા હોય તેવું જણાવતા નથી. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તુલસીભાઈ જીવાભાઇ પરમારનું તારીખ ૨૫/૦૫/૨૦૨૨ ના રોજ લીધેલ નિવેદન ધ્યાને લેતા તેઓએ પણ આરોપી દ્વારા મૂળ ફરિયાદીને કોઈ જ્ઞાતિ વિશે અપશબ્દ બોલી જાહેરમાં અપમાન કરેલ હોય એવું જણાય આવતું નથી. આ સાહેદ ફરિયાદીના સગા ભાઈ થાય છે ત્યારબાદ રવિભાઈ ધીરુભાઈ કામળિયાનું તારીખ ૨૫/૦૫/૨૨ ના રોજ નિવેદન લીધેલ જે ધ્યાન લેતા પણ આ કહેવાતા બનાવવા વખતે તેઓ હાજર ન હતા તેઓ પણ કોઈ જ્ઞાતિ પ્રત્યેના શબ્દો મૂળ ફરિયાદીને બોલવામાં આવેલ હોય તેવું જણાવતા નથી. ત્યારબાદ ત.ક.અ.એ કાનાભાઈ દેવજીભાઈ મકવાણાનું નિવેદન તારીખ ૧૫/૦૭/૨૦૨૨ ના રોજ નોંધવામાં આવેલ છે તેઓ આ સાહેદના નાના ભાઈના કાકાજી સસરા અને તુલસીભાઈ જીવાભાઇ પરમાર થતા હોય તેઓના નિવેદનમાં પણ મૂળ ફરિયાદીને પ્રત્યે કોઈ અપશબ્દ બોલેલા હોય તેવું નિવેદન મા જણાવતા નથી. આમ આ કામે તહોમતનામામાં દર્શાવેલા સાહેદોના નિવેદનો જોતા મૂળ ફરિયાદી કે તેમના સગા વહાલાઓને કે તેમના જ્ઞાતિ પ્રત્યે જાહેરમા અપમાનીત કરેલ હોય તેવું નિવેદન પરથી જણાય આવતું ના હોય, જેથી આરોપી નં.૧ થી ૫ તથા ૭ નાઓએ એટ્રોસિટી એકટ ની કલમ ૩(૧)આર એસ, તથા ૩(૨)(૫) ના કામે ચાર્જમાંથી મુક્ત કરવા વિનંતી છે. આ કામના મૂળ ફરિયાદી અનુસૂચિત જાતિના હોય અને કહેવાથી ફરિયાદમાં આરોપી નંબર ૧ થી ૫ તથા ૭ ના હોય અનુસૂચિત જાતિ તથા મૂળ ફરિયાદી અને કહેવાતા સાહેદના નિવેદનો જોતા જણાઈ આવતું ન હોય તેમાં મૂળ ફરિયાદી તથા આરોપી નં.૧ થી ૫ તથા ૭ નાએ એક જ જ્ઞાતિના હોય એટલે અનુસૂચિત જાતિના જણાય આવતા હોય જેથી પણ આરોપી નં. ૧ થી ૫ તથા ૭ ઉપર એટ્રોસિટી એકટ ની કલમ ૩(૧)આર એસ, તથા ૩(૨)(૫) લાગુ પડતી ન હોય, જેથી પણ ન્યાય ના

વિશાળ હિતમાં આરોપીઓને ચાર્જમાંથી મુક્ત કરવા જરૂરી હોવાનું જણાવેલ છે. આ કામના આરોપી નં. ૬ કહેવાતા બનાવવા વખતે હાજર નહીં હોવા છતાં મૂળ ફરીયાદી તથા તેમના લાગતા વળગતા કુટુંબીજનોને સાહેદ તરીકે બતાવી આરોપી નં. ૬ અને માત્ર ખોટી રીતે ફરિયાદમાં નિવેદન લખી લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે. કહેવાતો બનાવવાળી જગ્યા દલિતવાસ તરીકે ઓળખાય છે આ દલિતવાસમાં અન્ય કોઈ બીજા સમાજના વ્યક્તિ રહેતા નથી જેથી કાયદાના પ્રબંધો મુજબ અન્ય સમાજના કોઈ વ્યક્તિ સમક્ષ કહેવાતા અપમાનિત કરવાના શબ્દો બોલવામાં આવેલ હોય ત્યારે સદરહુ કાયદાની જોગવાઈઓ લાગુ પડી શકાય તેવું જણાવી હાલની અરજી લગત દાદ માંગેલ છે કે, આ કામના આરોપી નં. ૧ થી ૭ નાઓને એટ્રોસિટી એકટ ની કલમ ૩(૧)આર એસ, તથા ૩(૨)(૫) ના તહોમત માંથી મુક્ત કરવા માટે હુકમ ફરમાવશો જી.

આ અરજીના નિર્ણય અર્થે સૌપ્રથમ સીઆરપીસી ની કલમ–૨૨૭,૨૩૯ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે...

***કલમ–૨૨૭ બિનતહોમત મુકિત/ છુટકારો :*** *કેસનું રેકોર્ડ અને તેની સાથે રજુ કરવામાં આવેલા દસ્તાવેજો ને વિચારણામાં લેતા અને આ સંબંધમાં આરોપી અને ફરિયાદીની રજૂઆત ને સાંભળ્યા પછી જજ એમ વિચારે કે આરોપીની વિરુદ્ધ માં કેસ આગળ વધવાને પૂરતું કારણ નથી તો તે આરોપીને છુટકારો આપશે અને તે પ્રમાણે કરવા માટેના તેના કારણોની નોંધ કરશે.*

તેવી જ રીતે આરોપી/અરજદારોના વકીલશ્રી ધ્વારા હાલની અરજી સી.આર.પી.સી. કલમ–૨૩૯ અન્વયે દાખલ કરાયેલ હોય જેની જોગવાઇ ધ્યાને લેતા નીચે મુજબની છે.

***૨૩૯. આરોપીને કયારે છોડી મુકવામાં આવશે :–*** *આ જો કલમ–૧૭૩ નીચે મોકલવામાં આવેલ પોલીસ રિપોર્ટ અને તેની સાથેના દસ્તાવેજો વિચારણામાં લઈ અને મેજિસ્ટ્રેટને જરૂરી લાગે તે રીતે, આરોપીની, જો કાંઈ પુછપરછ કરતા અને ફરિયાદપક્ષ તથા આરોપીને સાંભળવાની તક આપ્યા પછી, આરોપી વિરૂધ્ધના તહોમતનામાને ફરમાવવું કારણ વિનાનું જણાય તો તે આરોપીને છોડી મુકશે અને તે પ્રમાણે કરવા માટેનાં કારણોની નોંધ કરશે.*

હાલના કામે પણ એફઆઈઆર વંચાણે લેતા તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, બનાવના રોજ તેઓ(ફરિયાદી) ચોકીદાર તરીકેની ફરજ પર જવા માટે ઘરની બહાર નીકળતા બનાવવાળા સ્થળેથી આરોપી નાથા લખમણ સોલંકી કોળીએ તેના હાથમાં

રહેલ લોખંડનો સળીયો તેમના ઉપર પ્રહાર કરતાં તેઓ નીચે બેસવા જતાં ડાબી આંખના ભાગે સળીયો લાગી ગયેલ અને તેઓ આંખ દબાવી માથું પકડી નીચે બેસી ગયેલા તે વખતે જલો ગોવિંદ મેર હાડીએ તેના હાથમાં રહેલ સેવાળ ફરીયાદીના માથા ઉપર આંખના ભાગે ઘા મારી દેતા તેઓ ચત્તા પાટ જમીન ઉપર પડી ગયેલા. તે વખતે નરસિંહ બાલુ વાજા અને તેનો દીકરો સુનિલ નરસિંહ વાજા તેમના હાથમાં રહેલ પાવડા ના લાકડાના હાથના વડે અડેધડ તેમના પગમાં મારવા લાગેલ. આ વખતે નાથા લખમણ સોલંકીએ તેમને કહેલ કે ''**તમારા પ્રસંગમાં ઢેઢાઓને કેમ આમંત્રણ આપો છો તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપેલ** અને તેઓ રાડા રાડ કરતા તેમના ભાઈ ઘરે આવેલ મહેમાન કાના દેવજી મકવાણા રહે.ગડુ, તાલુકો–માળીયા વિગેરે ના હોય વચ્ચે પડી તેને વધુ મારમાંથી છોડાવેલો અને તેમના ઘરે લઈ આવેલા ત્યારબાદ જયદીપ પાલા અને નનુસી તથા મનસુખ મુલ્લો આ ત્રણે જણા તેમના ઘરે આવી તેમના ઘરની બારી બારણા તોડવા લાગેલાને તેમને ભાડે મંગાવેલા સ્પીકરો તોડી નાખેલા અને તેમના આંખમાં મારી દીધેલ અને તેમની આંખોમાંથી લોહી નીકળતું હોય જેથી તેઓ ઘરે બેસેલ અને આ ત્રણેય જણાયા તેમના નાનાભાઈ હિંમતભાઈ તથા તેમના પત્ની જયાબેનને જેમ મન ફાવે તેમ ગાળો આપી ઢીકકા મુકકીનો માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલા.'' વધુમાં આ બનાવનુ કારણ છે કે, એમના મોટાભાઈ તુલસીભાઈના દીકરા ભાવેશ ના લગ્નનું કુલેકુ હોય જે કુલેકામાં નાથા લખમણ સોલંકી કોળી વિગેરે તેમના માણસો વગર આમંત્રણે કૂલેકામાં આવી ગેસ ફાયરના ફટાકડા હવામાં ફોડતા આગ પ્રજલ્પિત થતા દોડાદોડી થતા જે બાબતે સમજાવવા જતા, તે બાબતનું મન દુઃખ રાખી તેમને આ પ્રકારનું કૃત્ય કરેલ. તેવી જ રીતે અન્ય <u>સાહેદ જયાબેન હિંમતભાઈ જીવાભાઈ પરમાર અને હિંમતભાઈ જીવાભાઈ પરમાર</u>એ પણ એના પોલીસ રુબરુના નિવેદનમાં જણાવેલ કે <u>નાથા લખમણ સોલંકીએ તેમને કહેલ કે તમારા પ્રસંગમાં ઢેઢાઓને કે આમંત્રણ આપો છો તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપેલી</u> અને તેવી જ રીતે ફરિયાદી અને અન્ય સાહેદો ઉપર હુમલો કરી ત્યારબાદ ફરિયાદી અને સાહેદોના ઘરે અન્ય આરોપીઓ સાથે આવી તેમના ઘરના બારી બારણા તોડવા લાગેલા અને તેમના ઘરે ભાડે મંગાવેલ સ્પીકર પણ તોડી નાખેલા તેમજ અન્ય સાહેદ તુલસીભાઈ તથા તેમની પત્ની જયાબેનને પણ ઢીકકામુકકીનો મારમારી જાનથી મારી નાંખવાની

ધમકી આપેલ. એવી જ રીતે સાહેદ તુલસીભાઈ જીવાભાઈ પરમાર પણ તેમના નિવેદનમાં જણાવેલ કે ''નાથા લખમણ સોલંકીએ તેમની જાતિ પ્રત્યે અપમાનિત શબ્દ બોલેલા'' તેમજ તેમના નાના ભાઈ અરજણભાઈ ને માર મારેલ તેમજ અન્ય આરોપીઓ દ્વારા તેમના ઘરના બારી બારણા તોડી નાખેલા અને ઘરે ભાડે મંગાવેલા સ્પીકર પણ તોડી નાખેલા અને તેમના નાનાભાઈ તુલસીભાઈ અને તેમની પત્ની જયાબેન ને ભીખા પુત્ર પાટો થી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલા અને ત્યારબાદ તેમના ભાઈ અરજણભાઈના આંખમાંથી લોહી નીકળતું હોય અને તેમના નાના ભાઈ હેમંત તેમના ભાઈ અરજણભાઈને દવાખાને લઈ ગયેલા. આ કામે પોલીસ દ્વારા મુદ્દામાલનું પૃથકકરણ કરવા માટે એફએસએલ જૂનાગઢને સંબંધીત મુદ્દામાલ ભોગ બનનાર ના લોહીવાળા કપડા, લોખંડનો સળિયો, લોખંડનો સેવાળ મોકલી પણ આપેલ છે. આ કામે અત્યાચાર અધિનિયમની સાથે ઇ.પી.કોડની કલમ–૩૨૬ મુજબના ગંભીર ગુનાના આરોપ પણ છે.

એટ્રોસિટી એકટ ની કલમ ૩(૧)આર એસ, તથા ૩(૨)(૫)

Punishments for offences atrocities.

(1) Whoever, not being a member of a Scheduled Caste or a Scheduled Tribe,--

(r) intentionally insults or intimidates with intent to humiliate a member of a Scheduled Caste or a Scheduled Tribe in any place within public view;

(s) abuses any member of a Scheduled Caste or a Scheduled Tribe by caste name in any place within public view;.......

(2) Whoever, not being a member of a Scheduled Caste or a Scheduled Tribe,--

(v) commits any offence under the Indian Penal Code (45 of 1860) punishable with imprisonment for a term of ten years or more against a person or property [2][knowing that such person is a member of a Scheduled Caste or a Scheduled Tribe or such property belongs to such member], shall be punishable with imprisonment for life and with fine;

આ ઉપરોકત જોગવાઈ અનુસાર કોઈપણ અનુસુચિત જાતિ અથવા જનજાતિનો સભ્ય ન હોય તે કોઈપણ જાહેર જગ્યાએ અનુસુચિત જનજાતિના સભ્યને

અપમાનિત કરવાના ઈરાદાથી અપમાન કરે કે ધમકાવે ત્યારે કે જાહેર રીતે કોઈપણ જગ્યાએ અનુસૂચિત જનજાતિના કોઈપણ સભ્યને જાતિના નામથી દુવ્યવહાર કરે તો સજાનેપાત્ર બને છે. આ કામે પણ ઉપરોકત જણાવ્યા અનુસાર ભોગબનનારને આરોપી નાથા લખમણ ધ્વારા તેની જાતિ અંગેના અપશબ્દો પ્રયોગ કરી, જાહેરમાં તે અંગે અપમાનીત કરેલ અને ભોગબનનારને તમામ આરોપીઓએ ભેગા મળી ગંભીર ઈજા ઓ પણ પહોચાડેલ હોવાના પ્રથમદર્શનીય આક્ષેપ હોય, તેવી જ રીતે ફરીયાદી અને શાહેદોની મિલ્કતને નુકશાન પહોચાડી ભયનો માહોલ ઉભો કરવાનો પણ મૌખિક આક્ષેપ કરેલ હોય, તેમજ તે અંગેના પંચનામા પણ ત.ક.અ.શ્રીએ તૈયાર કરી ચાર્જશીટનો ભાગ બનાવેલ હોય ત્યારે સદર ગુનામાં તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી સક્રિય ભાગ ભજવેલ હોય, જેથી પણ આરોપી નં.૬ કે ૭ કે અન્ય આરોપીઓ વિરૂધ્ધ કોઇ પુરાવો આવતો ન હોવાનું માની શકાય નહિ. વળી આરોપી પોતે અનુસુચિત જાતિનો સભ્ય હોવાનો દાવો કરતા હોય તો તે અંગેનો કોઇ આધાર પુરાવો અરજી સાથે રજુ કરેલ નથી. જેથી ફરિયાદપક્ષને સદરહુ પ્રથમદર્શનીય આક્ષેપ અંગે પુરાવો રજુ કરવાની તક આપવાનો કેસ ગણી શકાય.

આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી એ **૨૦૨૦(૨) જી.એલ.આર ૧૦૩૬ અનવર એ. પઠાણ વિ સ્ટેટ** ના કેસલો ઉપર આધાર રાખેલ છે. *સદર કેસમાં એટ્રોસિટી એક્ટ ની કલમ **3(૧) એક્ષ** તથા **ઈ.પી.કોડ ની કલમ 504, 114** ના આક્ષેપોમાં બનાવવા વખતે ફક્ત ફરિયાદીની દીકરી તથા તેના સગાઓ જ હાજર હતા તેમા ઠરાવેલ કે અન્ય સમુદાયનો કોઈપણ સભ્ય બનાવવા વખતે હાજર ન હતો. બનાવ બન્યોએ જાહેરમાં એમ કહેવાય નહીં વધુમાં પ્રથમ માહિતી અહેવાલમાં એવો આક્ષેપ જણાતો ન હતો કે આરોપી અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ નો સભ્ય ન હતો અને તેને જાણી જોઈને ફરિયાદીનું અપમાન અથવા જાહેરમાં તેને ઉતારી પાડવાનો પ્રયાસ કરેલો નહીં આ સંજોગોમાં અત્યાચાર અધિનિયમ ની **કલમ 3(૧) એક્ષ** માં ઘટકો સંતોષતા ન હોવાનું માની પ્રથમ માહિતી અહેવાલ રદ કરવામાં આવેલ.* આ કામે કેસની હકીકત જુદી છે. ઉપરોક્ત વિગતે જણાવ્યા મુજબ ફરિયાદીને ફરિયાદમાં તેમજ સાહેદોના નિવેદનમાં આરોપીઓ ધ્વારા કરાયેલ જાતિય અપમાન સ્વરૂપી અત્યાચારના આક્ષેપોથી અત્યાચાર અધિનિયમની જોગવાઈઓ આકર્ષીત થતી હોવા બાબતે પ્રથમ દર્શનીય પુરાવા આવે છે તેમજ આરોપી અરજદાર તરફે પોતે અનુસૂચિત જાતિ

જનજાતિમાંથી આવતા હોવા બાબતે ફક્ત મૌખિક નિવેદનો કે કથાનો કરેલા છે પરંતુ તેઓ પોતે તે અંગેના દસ્તાવેજી પુરાવા કે આધાર રજુ કરી શક્યા હોત પરંતુ રજુ કરેલ નથી. આરોપી નાથા લખમણ વિરુદ્ધ અન્ય શરીર સબંધી ગુનાઓ તેમજ બીજા પણ ગુનાઓ નોંધાયેલ છે, એકંદરે સદર આરોપી ગુનાહિત ઇતિહાસ ધરાવે છે.

નામદાર ઉચ્ચ અદાલતે સીઆરપીસી કલમ 227 હેઠળ ડિસ્ચાર્જ ના મુદ્દા નીચે મુજબના ચુકાદાઓમાં સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

≥Union of India versus Prafulla Kumar Samal and another reported in 1979(3) SCC 4

≥Dipakbhai Jagdish Chandra Patel versus State of Gujarat reported in 2019 16 SCC 547

≥Sajjan Kumar versus CBI reported in 2010 (9) SCC 368

≥Asim Sharif versus national investigation agency reported in 2019 (7) SC148

≥State of Karnataka vs. MR Hiremath reported in 2019 7 SC 515

**પ્રસ્થાપિત કરાયેલ સિધ્ધાંતો**

1 Evaluate prosecutions material

2 Focus on prime HC case

3 Shift the material

4 proceed to trial, unless evidences in adequate

5 Base decision on fact of each case

6 evaluate material on its face value

7 consider probative value of evidence

8 Do not conduct a mini trial

9 Avoid acting as Post Office

10 Avoid Roving enquiry

નામદાર સુપ્રીમ કોર્ટે હાલમાં **2024 AIJEL SC 74434 સ્ટેટ ઓફ ઓરિસ્સા વિરુદ્ધ પ્રતિમા બહેરા** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે, ***સીઆરપીસી કલમ ૨૩૯*** *હેઠળ ડિસ્ચાર્જ ના તબક્કે ફરિયાદ પર દ્વારા ફક્ત પ્રથમ દષ્ટિએ કે સ્થાપિત કરવાની જરૂર છે ટ્રાયલ શરૂ ન થાય ત્યાં સુધી વિગતવાર તપાસ અથવા મૂલ્યાંકન જરૂરી*

*નથી.* આ કેસમાં પણ ફરિયાદી તેમજ શાહેદો ધ્વારા અત્યાચાર અધિનીયમ અન્વયેના કરેલ આક્ષેપ અંગે પ્રથમદર્શનીય કેસ સ્થાપિત કરેલ જે પુરતો જણાય છે. તે માટે ફરિયાદીએ પોતાનું અનુસુચિત જનજાતિનું પ્રમાણપત્ર કે આરોપીની જાતિનું પ્રમાણપત્ર રજુ કરવા કે તેની વિગતવાર તપાસ કરવી જરૂરી નથી. આમ નામદાર ઉચ્ચ અને વડી અદાલતે ઉપરોક્ત કેસોમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત અનુસાર કલમ–૨૩૯ હેઠળની સત્તાનો અમલ કરવા માટે કાયદાની પ્રસ્થાપિત સ્થિતિ એવી છે કે, આ કલમ હેઠળ તહોમત ઘડતી વખતે આરોપી વિરુદ્ધમાં પ્રાથમિક દ્રષ્ટિએ કેસ બને છે કે નહીં તે શોધી કાઢવા માટે મર્યાદિત હેતુ માટે પ્રથમદર્શનીય રેકર્ડ પરના નિવેદન પુરાવાની તારવણી અને તુલના કરવાની સત્તા રહેલી છે જ્યારે અદાલતની સમક્ષ મૂકવામાં આવેલી બાબતો ઉપરથી આરોપીની વિરુદ્ધમાં ગંભીર શંકા પ્રગટ થતી હોય જેને યોગ્ય રીતે સમજાવી શકાય હોઈ નહીં ત્યારે અદાલત માટે ઘડવાનું અને ઈન્સાફી કાર્યવાહી માટે આગળ વધવાનું સંપૂર્ણપણે વ્યાજબી ગણાશે. જો ઘણો કરીને બે મત જણાય તો સરખા પ્રમાણ માં ધરાવવાનું શક્ય હોય અને ન્યાયાધીશને સંતોષ થયો હોય કે તેની સમક્ષ રજૂ કરવામાં આવેલા પુરાવા પરથી આરોપી વિરૂધ્ધમાં કંઈક શંકા ઉભી થાય તેમ છે પણ ગંભીર શંકા થતી નથી તો આરોપીનો છૂટકારો આપવાને બદલે કલમ–૨૨૭ કે ૨૩૯ હેઠળની હકુમતનો અમલ કરવાને માટે સંપૂર્ણપણે વ્યાજબી ગણાશે. કોર્ટે કેસની મુખ્ય સંભવિતતાઓને પુરાવાની એકંદર અસર અને તેની સમક્ષ રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોનો પણ વિચાર કરવાનો હોય છે પરંતુ તેણે એ બાબતની તરફેણ અને વિરુદ્ધ ને ઉડતી તપાસ કરવી જોઈએ નહીં અને જાણે કે તે ઈન્સાફી કાર્યવાહી કરી રહ્યો હોય તે રીતે પુરાવાનું મૂલ્યાંકન કરવું જોઈએ નહીં તેવું પ્રસ્થાપિત કરેલ છે. આ સંજોગોમાં ઉપરોક્ત કરેલ ચર્ચા અને આપેલ કારણો અનુસાર એફ.આઈ.આર તેમજ કલમ 161 હેઠળ નોંધવામાં આવેલા સાક્ષીઓના નિવેદનો પણ વંચાણે લેતા આરોપીઓ વિરુદ્ધાર્થી કાર્યવાહી કરવા માટે અને તે અન્વયે તહોમતનામું ઘડવા માટે યોગ્ય અને પૂરતા કારણો જણાય છે. આરોપીઓ વિરુદ્ધ આક્ષેપો પ્રથમ દર્શનીય માનવા માટે કારણ જણાય છે. આરોપીપક્ષની રજૂઆત ને પુરાવા રજુ થયા સિવાય કે ફરિયાદ પક્ષને પુરાવાની તક આપ્યા સિવાય માની શકાય તે પ્રકારના જણાતા નથી. આ સંજોગોમાં ચાર્જશીટ સાથે મોકલવામાં આવેલ પોલીસ પેપર્સ અને તે સાથેના દસ્તાવેજોને વિચારણમાં લીધા બાદ, આરોપીને સાંભળવાની તક આપ્યા

બાદ એમ માનવાને કારણ જણાય છે કે, આરોપીઓએ ઈન્સાફી કાર્યવાહીને પાત્ર ગુનો કરેલ છે જે માટે તેમને શિક્ષા થઈ શકે તેમ છે, જેથી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ઘડવા યોગ્ય કેસ જણાતો હોય, આરોપીઓની અરજી ટકવાપાત્ર નન હોય, આ તમામ સંજોગોમાં ઉપરોકત આપેલા  તારણોનુસાર હાલની અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદાર/આરોપીઓની હાલની ડીસ્ચાર્જની અરજી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખઃ ૨૧ મી, માહે : જુલાઇ, સને: ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

કોડીનાર.<br>
તારીખ: ૨૧–૦૭–૨૦૨૫.

(અતુલકુમાર આર. પટેલ)<br>
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, કોડીનાર,<br>
(કોડ નં.જી.જે.૦૭૧૦)